# 14

**રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, પી.એન.જી. અને સી.એન.જી. ઉપર વેરાની આવક**

***15/4/2540 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા) **: માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, પી.એન.જી. અને સી.એન.જી. ઉપર કેટલો વેરો વસુલવામાં આવે છે, અને | (૧) |

| કોમોડીટી | મૂલ્યવર્ધિત વેરાનો દર | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૧૩.૭% | ૪% |
| ડીઝલ | ૧૪.૯% | ૪% |
| પીએનજી (કોમર્શિયલ) | ૧૫% | લાગુ પડતુ નથી |
| પીએનજી (હાઉસહોલ્ડ) | ૫% | લાગુ પડતુ નથી |
| સીએનજી (હોલસેલર) | ૧૫% | લાગુ પડતુ નથી |
| સીએનજી (રીટેલર) | ૫% | લાગુ પડતુ નથી |

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત કોમોડીટીવાર વેરા પેટે કેટલી રકમ રાજ્ય સરકાર દ્વારા વસુલવામાં આવી ? | (૨) ( રકમ રૂ. કરોડમાં) |

| કોમોડીટી | તા.૧/૦૧/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૨ | તા.૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ |
|---|---|---|
| પેટ્રોલ | ૬૦૦૫.૩૮ | ૬૦૪૪.૯૫ |
| ડીઝલ | ૧૩૮૩૨.૬૫ | ૧૩૭૨૬.૮૧ |
| પીએનજી | ૫૯.૦૦ | ૩૦.૦૦ |
| સીએનજી | ૧૯૯.૯૯ | ૧૨૪.૭૭ |

<u>પેટ્રોલ, ડીઝલ, પીએનજી તેમજ સીએનજી પરની નોંધ</u>

(૧) પેટ્રોલમાં તા.૪/૧૧/૨૦૨૧ના રોજ વેટમાં લાગુ વેરાનો દર ૨૦.૧૦% થી ઘટાડી ૧૩.૭% કરેલ છે. જેનાથી અંદાજે વાર્ષિક રૂ.૨૪૦૦ કરોડનો વેરો જતો કરીને પ્રજાને સીધો ફાયદો પહોંચાડેલ છે.

(૨) ડીઝલમાં તા. ૪/૧૧/૨૦૨૧ના રોજ વેટમાં લાગુ વેરાનો દર ૨૦.૨૦% થી ઘટાડી ૧૪.૯ કરેલ છે. જેનાથી અંદાજે વાર્ષિક રૂ.૫૮૦૦ કરોડનો વેરો જતો કરીને પ્રજાને સીધો ફાયદો પહોંચાડેલ છે.

(૩) Vehicle માં fuel તરીકે વપરાતા સી.એન.જી. પર તા.૧૮/૧૦/૨૦૨૨થી વેરાનો દર ૧૫%થી ઘટાડીને ૫% કરેલ છે. જેનો સીધો ફાયદો સી.એન.જી. વાહનધારકોને અંદાજે વાર્ષિક રૂ.૭૩ કરોડનો પ્રજાને સીધો ફાયદો પહોંચાડેલ છે.

(૪) રાજ્યમાં ઘરગથ્થુ વપરાશ માટેના પી.એન.જી. વેચાણો પર તા.૧૮/૧૦/૨૦૨૨ થી વેરાનો દર ૧૫ % થી ઘટાડીને ૫ % કરેલ છે, જેનો સીધો ફાયદો ગૃહિણીઓને અંદાજે વાર્ષિક રૂ. ૨૯ કરોડનો લાભ પહોંચાડેલ છે.

(૫) દેશના અન્ય રાજયોની સાપેક્ષમાં ગુજરાત રાજયમાં પેટ્રોલ અને ડીઝલ ઉપર ઉઘરાવવામાં આવતો વેરોનો દર ઘણો નીચો છે. જેની સરખામણી કરીએ તો,

| દેશના અન્ય રાજયમાં પેટ્રોલ અને ડીઝલ પરનો વેટનો દર | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **રાજય** | **પેટ્રોલ** | **ડીઝલ** |
| ૧ | ગુજરાત | ૧૩.૭૦ % | ૧૪.૯૦ % |
| ૨ | આંધ્રપ્રદેશ | ૩૧% | ૨૨.૨૫ % |
| ૩ | બિહાર | ૨૩.૫૮ % | ૧૬.૩૭ % |
| ૪ | દિલ્હી | ૧૯.૪૦ % | ૧૬.૭૫ % |
| ૫ | કર્ણાટક | ૨૫.૯૨ % | ૧૪.૩૪ % |
| ૬ | કેરળ | ૩૦.૦૮ % | ૨૨.૭૬ % |
| ૭ | ઓરીસ્સા | ૨૮% | ૨૪% |
| ૮ | તેલંગણા | ૩૫.૨૦ % | ૨૭% |
| ૯ | મહારાષ્ટ્ર | ૨૬% | ૨૪% |
| ૧૦ | મધ્યપ્રદેશ | ૨૯% | ૧૯% |
| ૧૧ | રાજસ્થાન | ૩૧.૦૪% | ૧૯.૩૦ % |
| ૧૨ | પશ્ચિમ બંગાળ | ૨૫% | ૧૭% |
| ૧૩ | ઝારખંડ | ૨૨ % | ૨૨% |

(૬) દેશના અન્ય રાજયોની સાપેક્ષમાં ગુજરાત રાજયમાં સીએનજી અને પીએનજી ઉપર ઉઘરાવવામાં આવતો વેરોનો દર ઘણો નીચો છે. જેની સરખામણી કરીએ તો,

| **રાજ્ય** | **CNG** | **PNG** |
|---|---|---|
| ગુજરાત | ૫% | ૫% |
| ઝારખંડ | ૧૪% | ૧૪% |
| રાજસ્થાન | ૧૪.૫૦% | ૧૦% |
| મધ્યપ્રદેશ | ૧૪% | ૧૪% |
| ઉત્તરપ્રદેશ | ૧૨.૫% | ૧૦% |
| છત્તીસગઢ | ૨૫% | ૨૫% |

આમ, અન્ય રાજયોની સાપેક્ષમાં ગુજરાતમાં પેટ્રોલ, ડીઝલ, સીએનજી અને પીએનજી ઉપર લાગુ વેટના દરો ઘણા નીચા છે. આમ છતાં, સરકાર દ્વારા યોગ્ય સમયે વેટના દરો અંગે યોગ્ય તે વિચારણા કરવામાં આવશે.

(૭) અન્ય રાજયની સાપેક્ષમાં ગુજરાત રાજયમાં હાલ પેટ્રોલ અને ડીઝલની લીટર દીઠ વેચાણ કિંમત ઓછી છે. જે નીચે મુજબ છે.

## પેટ્રોલની વેચાણ કિંમત (લિટર દિઠ)

| રાજય | પેટ્રોલ રૂ. |
|---|---|
| ગુજરાત | ૯૬.૪૮ |
| આંધ્રપ્રદેશ | ૧૧૧.૭૬ |
| બિહાર | ૧૦૭.૨૪ |
| દીલ્હી | ૯૬.૭૨ |
| કર્ણાટક | ૧૦૧.૯૪ |
| કેરાલા | ૧૦૯.૭૩ |
| ઓરિસ્સા | ૧૦૩.૧૧ |
| તેલંગણા | ૧૦૯.૬૬ |
| મહારાષ્ટ્ર | ૧૦૬.૩૧ |
| રાજસ્થાન | ૧૦૮.૪૮ |
| મધ્યપ્રદેશ | ૧૦૮.૬૫ |

## ડીઝલની વેચાણ કિંમત (લિટર દિઠ)

| રાજય | ડીઝલ રૂ. |
|---|---|
| ગુજરાત | ૯૨.૧૭ |
| આંધ્રપ્રદેશ | ૯૮.૨૭ |
| બિહાર | ૯૪.૦૪ |
| કેરાલા | ૯૮.૫૩ |
| ઓરિસ્સા | ૯૪.૭૬ |
| તેલંગણા | ૯૭.૮૨ |
| રાજસ્થાન | ૯૩.૭૨ |
| મધ્યપ્રદેશ | ૯૩.૯૦ |
| મહારાષ્ટ્ર | ૯૪.૨૭ |

## અગ્રતાક્રમ-૧૪, તા.૨૮/૦૨/૨૦૨૪

પ્રશ્નઃ રાજય સરકાર દ્વારા પેટ્રોલ તથા ડીઝલ પર લાગુ પડતા વેરાના દરમાં છેલ્લે કયારે ઘટાડો કરવામાં આવેલ ? જેનાથી પ્રજાને કોઇ રાહત મળી છે ?

માન.ધારાસભ્યશ્રી અનિરૂધ્ધભાઇ દવે (માંડવી)

જવાબઃ

પેટ્રોલમાં તા.૪/૧૧/૨૦૨૧ના રોજ વેટમાં લાગુ વેરાનો દર ૨૦.૧૦%થી ઘટાડી ૧૩.૭% કરેલ છે. જેનાથી અંદાજે વાર્ષિક રૂા.૨૪૦૦ કરોડનો વેરો જતો કરીને પ્રજાને સીધો ફાયદો પહોંચાડેલ છે.

ડીઝલમાં તા.૪/૧૧/૨૦૨૧ના રોજ વેટમાં લાગુ વેરાનો દર ૨૦.૨૦%થી ઘટાડી ૧૪.૯% કરેલ છે. જેનાથી અંદાજે વાર્ષિક રૂા.૫૮૦૦ કરોડનો વેરો જતો કરીને પ્રજાને સીધો ફાયદો પહોંચાડેલ છે.

**અગ્રતાક્રમ-૧૪, તા.૨૮/૦૨/૨૦૨૪**

પ્રશ્નઃ રાજય સરકાર દ્વારા C.N.G. અને PNG પર લાગુ પડતા વેરાના દરમાં છેલ્લે કયારે ઘટાડો કરવામાં આવેલ છે? જેનાથી રાજયના નાગરિકોને કોઇ રાહત મળી છે કે કેમ?

માન.ધારાસભ્યશ્રી કેશુભાઇ પટેલ (ભૂજ)

જવાબઃ

Vehicles માં fuel તરીકે વપરાતા સી.એન.જી. પર તા.૧૮/૧૦/૨૦૨૨થી વેરાનો દર ૧૫%થી ઘટાડીને ૫% કરેલ છે. જેનો સીધો ફાયદો સી.એન.જી. વાહનધારકોને અંદાજે વાર્ષિક રૂા.૭૩ કરોડનો પ્રજાને સીધો ફાયદો પહોંચાડેલ છે.

રાજ્યમાં ઘરગથ્થુ વપરાશ માટેના પી.એન.જી. વેચાણો પર તા.૧૮/૧૦/૨૦૨૨ થી વેરાનો દર ૧૫ % થી ઘટાડીને ૫ % કરેલ છે, જેનો સીધો ફાયદો ગૃહિણીઓને અંદાજે વાર્ષિક રૂા. ૨૯ કરોડનો લાભ પહોંચાડેલ છે.

**<u>નકારાત્મક પ્રશ્નઃ</u>**

પ્રશ્નઃ રાજય સરકારના પેટ્રોલ, ડીઝલ, CNG અને PNG ઉપર લાગુ પડતા વેટના દરોમાં ઘટાડો કરવા માંગે છે કે કેમ?

* પેટ્રોલ, ડીઝલ, પીએનજી અને સીએનજી પરની નોંધનું વાંચન કરી શકાય.

પ્રશ્નઃ પેટ્રોલ, ડીઝલ, CNG અને PNG પરના દરોને VAT ને બદલે GST હેઠળ સમાવવાનું આયોજન છે કે કેમ ?

**<u>જવાબ આપવા જરૂરી નથી તેવા નકારાત્મક પ્રશ્નઃ</u>**

પ્રશ્નઃ હવે પડોશી રાજયોમાં તમારી સરકાર છે તો ત્યાં વેટના દરમાં ઘટાડો કરવાનું આયોજન છે કે કેમ?

**અગ્રતાક્રમ-૧૪, તા.૨૮/૦૨/૨૦૨૪**

**માન.ધારાસભ્યશ્રી અનિરૂધ્ધભાઇ દવે (માંડવી)**

પ્રશ્નઃ રાજય સરકાર દ્વારા પેટ્રોલ તથા ડીઝલ પર લાગુ પડતા વેરાના દરમાં છેલ્લે કયારે ઘટાડો કરવામાં આવેલ ? જેનાથી પ્રજાને કોઇ રાહત મળી છે ?

**અગ્રતાક્રમ-૧૪, તા.૨૮/૦૨/૨૦૨૪**

**માન.ધારાસભ્યશ્રી કેશુભાઇ પટેલ (ભૂજ)**

પ્રશ્નઃ રાજય સરકાર દ્વારા C.N.G. અને PNG પર લાગુ પડતા વેરાના દરમાં છેલ્લે કયારે ઘટાડો કરવામાં આવેલ છે? જેનાથી રાજયના નાગરિકોને કોઇ રાહત મળી છે કે કેમ?